સરકારી છાત્રાલયોની માન્ય સંખ્યામાં વધારો કરવા અંગેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ છતલ/૧૫૨૦૧૭/ન.બા.૪૦/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૬/૦૪/૨૦૧૭

વંચાણે લીધા:-

(૧) કમિશ્નરશ્રી (આ.વિ) ની કચેરીનો તા.૨૮/૧૨/૨૦૧૬નો પત્ર નં.આવિ/છતલ/૧/ન.બા./ફા.નં.૧૯૮૦/૨૦૧૬-૧૭/૨૭૦૪ થી ૨૭૦૫ તથા તા:૨૮/૧૨/૨૦૧૬ના પત્ર નં. આવિ/છતલ/ ૧/ફા.નં.૧૯૭૯/૨૦૧૬-૧૭/૨૭૦૬ થી ૨૭૦૭

ઠરાવ:-

અનુસૂચિત જનજાતિના મોટાભાગના લોકો ઉંડાણવાળા જંગલ વિસ્તારમાં રહેતા હોય છે તેઓની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાના કારણે તેઓ તેમના બાળકોને દુરના સ્થળે ઉચ્ચ અભ્યાસ માટે મોકલી શકતા નથી. જેના કારણે તેઓ શિક્ષણથી વંચિત રહેવા પામે છે. અનુસૂચિત જનજાતિના આવા જરૂરીયાતવાળા બાળકોને રહેવાની અને જમવાની વ્યવસ્થા મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા જુદાજુદા સ્થળોએ સરકારી છાત્રાલયો ચલાવવામાં આવે છે. પરંતુ છાત્રાલયની અપુરતી માન્ય સંખ્યાના કારણે ઘણા વિદ્યાર્થીઓ છાત્રાલયમાં પ્રવેશથી વંચિત રહેતા હોય છે. આવા જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓની શૈક્ષણિક કારકીર્દીના ભાવિને ધ્યાને રાખી અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓમાં શિક્ષણનું પ્રમાણ વધે અને તેઓ સરકારી છાત્રાલયમાં રહી ઉચ્ચ શિક્ષણ મેળવી શકે તે માટે આદિજાતી વિસ્તાર પેટા યોજના હેઠળના સરકારી છાત્રાલયોમાં હાલની માન્ય સંખ્યા ઉપરાંત કુલ ૭૦૦ નો સંખ્યા વધારો મંજૂર કરવા માટે રૂ.૧૭૫.૦૦ લાખની નવી બાબતની જોગવાઈ માંગણી નં.૯૬ (આયોજન) ટીએએસપી સદર હેઠળ તેમજ બિન આદિજાતી વિસ્તાર પેટા યોજના હેઠળના સરકારી છાત્રાલયોમાં હાલની માન્ય સંખ્યા ઉપરાંત કુલ ૩૦૦નો સંખ્યા વધારો મંજૂર કરવા માટે રૂ.૭૫.૦૦ લાખની નવી બાબતની જોગવાઈ માંગણી નં.૯૩ (આયોજન) ડીએસટી સદર હેઠળ આગામી વર્ષ ૨૦૧૭-૧૮માં સમાવેશ કરવા કરવા કમિશનરશ્રી (આ.વિ)એ દરખાસ્ત કરેલ. જેની વહીવટી મંજૂરીની બાબત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે સરકારી છાત્રાલયોમાં હાલની માન્ય સંખ્યા ઉપરાંત કુલ ૭૦૦ નો સંખ્યા વધારો મંજૂર કરવા માટે રૂ.૧૭૫.૦૦ લાખ(અંકે રૂપિયા એક કરોડ પંચોતેર લાખ પુરા)ની નવી બાબતની જોગવાઈ માંગણી નં.૯૬ (આયોજન) ટીએએસપી સદર હેઠળ તેમજ બિન આદિજાતી વિસ્તાર પેટા યોજના હેઠળના સરકારી છાત્રાલયોમાં હાલની માન્ય સંખ્યા ઉપરાંત કુલ ૩૦૦નો સંખ્યા વધારો મંજૂર કરવા માટે રૂ.૭૫.૦૦ લાખ(અંકે રૂપિયા પંચોતેર

લાખ પુરા)ની નવી બાબતની જોગવાઈ માંગણી નં.૯૩ (આયોજન) ડીએસટી સદર હેઠળ આગામી વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં થયેલ જોગવાઈની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ની અંદાજપત્રની જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોઈ તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬ (આયોજન), મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨, ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર ૦૯-વી.કે.વાય.-૧૨, બાબત નં.(૧૯) તેમજ માંગણી ક્રમાંક: ૯૩ (આયોજન), મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ, પેટા સદર: ૧૫, ગૌણ સદર: ૨૭૭ સરકારી છાત્રાલયોમાં હાલની માન્ય સંખ્યામાં વધારો કરવા માટેની નવી બાબત હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની ફાઈલ પર નાણાવિભાગની તા.30/03/૨૦૧૭ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નરેન્દ્ર વાઘેલા)
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી, (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, (આ.વિ.), બિરસામુંડા ભવન, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), બ્લોક નં.૯/૩જો માળ, સચિવાલય, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઈલ.